### ઉઢેલામાં છમકલા બાદ પ્રથમવાર હિન્દુ ધર્મનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે

# માતરના ઉંઢેલામાં ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**મહોત્સવમાં** ચુસ્તબંદોબસ્ત અને સીસીટીવીથી નજર રાખવા મુસ્લિમ સમાજની માંગણી

**રેન્જ આઇજી** સહિત સબંધિત અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 24
માતર તાલુકાના ઉઢેંલા મુકામે 26 જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શાંતિપૂર્વક થાય અને નવરાત્રી વખતે બનેલી ઘટના પુનરાવર્તિત ન થાય તે માટે સજ્જડ પોલીસ બંદોબસ્ત રાખવા મુસ્લિમ સમાજના અગ્રણીઓએ રેન્જ આઈ.જી. સહિત સબંધિત અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે.

માતર તાલુકાના ઉઢેંલા ગામમાં 3 ઓક્ટોબરને 2022ના રોજ નવરાત્રી દરમિયાન આઠમા નોરતે હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચે ઘર્ષણ થયુ હતુ. જે બાદ ગામમાં તણાવની પરિસ્થિતિ જોવા મળી રહી છે. પોલીસે કેટલાક લોકોને જાહેરમાં થાંભલા સાથે બાથ ભરાવી માર મારવાનો બનાવ પણ બન્યો હતો. જેના કારણે હાલમાં આ બનાવોને લઈ ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે, હાઈકોર્ટે પણ થોડા દિવસ પહેલા આ મામલે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે લાલ આંખ કરી છે. ઉઢેંલા માટે હજી પણ નવરાત્રિના બનાવને લઈ ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ સળગતી સ્થિતિ વચ્ચે 26મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં દૂરથી લોકો આવી શકે તેવી શક્યતા છે. અમુક લોકો દ્વારા ભૂતકાળમાં નવરાત્રી દરમિયાન બનેલી ઘટનાના અનુસંધાનમાં કાંકરીચાળો થાય તેવા એંધાણ દેખાતા, ઉઢેલામાં ત્રણ દિવસ દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સુધી કોમી વયમનસ્ય ન ફેલાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવા માટે મુસ્લિમ અગ્રણીઓએ માગ કરી છે.

આ માટેલ સ્થાનિક અગ્રણીઓએ રેન્જ આઈ.જી., કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષક, ડીવાયએસપી, માતરને અરજી આપી છે. આ લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, 26થી 28 જાન્યુઆરી સુધીના કાર્યક્રમમાં સીઆરપીએફના ચાંપતા બન્દોબસ્તમાં અને સીસીટીવી કેમેરા નજર હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ હિંસાત્મક બિના ન બને તે અંગે ચોક્કસ પગલા લેવા માગ કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવરાત્રિ દરમિયાન ઉંઢેલામાં બનેલા બનાવને લઇ હજુ પણ તંગદીલી જોવા મળી રહી છે.

# ખેડામાં અઢી હજાર ગ્રાહકો વીજ ચોરી કરતાં પકડાયાં

**વીજ ચોરી કરનારા** ઘર વપરાશના ગ્રાહકો પાસેથી 2.95 કરોડ વસૂલ કરાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 24
વીજ કંપની દ્વારા ગ્રામ્ય પરા વિસ્તારને જ્યોતિ ગ્રામ્ય યોજના હેઠળ આવરી લઈ 24 કલાક વીજ પ્રવાહ પૂરો પાડવામાં આવે છે. ત્યારે ઘણા સમયથી રોજિંદા વપરાશ માટે વીજ ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. વીજ કંપનીની વીજીલન્સ ટીમ દ્વારા વર્ષ 2022માં ખેડા જિલ્લામાં ગેરકાયદે વીજ પ્રવાહ મેળવી વીજ ચોરી કરતાં ઘર વપરાશના 2727 જોડાણો ઝડપી પાડી 2.95 કરોડની માતબર રકમની વસુલાત કરવામાં આવી હતી.

વીજ કંપની દ્વારા ઘર વપરાશ, ઔદ્યોગિક, ખેતી વિષયક તેમજ કોમર્શિયલ હેતુ માટે વીજ જોડાણ આપવામાં આવે છે. જેમાં વીજ કંપની દ્વારા શહેરી વિસ્તારની જેમ ગામડા તેમજ પરા વિસ્તારમાં જ્યોતિ ગ્રામ્ય યોજના હેઠળ લાખોના ખર્ચે નવી વીજ લાઈનો નાખી 24 કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આવી જ રીતે ખેડૂતોને સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજ પ્રવાહ આપવામાં આવી રહ્યો છે.આમ છતાં ઘણા લોકો વીજ લાઈન સાથે ચેડાં કરી ડાયરેક્ટ વીજળી મેળવી વીજ વપરાશ કરતા હોય છે, તો ઘણાં ગ્રાહકો વીજ મીટર સાથે છેડછાડ કરી વીજ વપરાશ બચાવવા નુસખા અપનાવતા હોય છે. તો અમુક સ્થળે વીજ ચોરી માટે કર્મીઓની કથિત સંડોવણી પણ જવાબદાર હોય છે. આમ વીજ લાઈનમાંથી ગેરકાયદેસર વીજ પ્રવાહ મેળવી વીજ ચોરી કરવાના બનાવો વધી રહ્યા છે. જેથી વીજ કંપનીના ભારે નુકસાન થઈ રહ્યું છે. વીજ કંપની દ્વારા વીજલન્સ વિભાગની ટીમ દ્વારા દરોડો પાડી વીજળીની ચોરી ઝડપી પાડવામાં આવે છે. આવી જ રીતે મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમ દ્વારા ખેડા જિલ્લામાં વર્ષ 2022માં જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન દરોડા પાડી વીજ ચોરી કરતા ઘર વપરાશના 2727 વીજ જોડાણ ઝડપી પાડ્વામાં આવ્યા હતા. વીજ ચોરી કરતા ઝડપાયેલા ગ્રાહકો પાસેથી 2.95 કરોડ વસૂલ કરવામાં આવ્યા છે.

## ગતિવિધિ

### ખંભાત રાણા સમાજ દ્વારા દર વર્ષની જેમ નિ:શૂલ્ક શિક્ષણ વર્ગનો શુભારંભ કરાયો



**ખંભાત** | ખંભાત રાણા સમાજ જલીપોડની વાડીમાં દર વર્ષે જાન્યુઆરીથી માર્ચ મહિના સુધી મફત શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવે છે. જેમાં સ્વ. ચીમનલાલ ચુનીલાલ રાણા પરિવાર દ્વારા ખર્ચ ઉપાડવામાં આવે છે. બાળકોને વાર્ષિક પરીક્ષામાં સફળતા મેળવવામાં મદદ રૂપ થાય છે. આ આયોજનમાં સમાજના યુવા શિક્ષિત ભાઈ - બહેનો દ્વારા નોકરી કે પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢીને બાળકોને પ્રક્ષિક્ષણ પૂરું પાડે છે. આ સેવા યજ્ઞમાં સમાજના દાતાઓ બાળકોને પ્રોત્સાહન અને અભ્યાસમાં રુચિ કેળવે તે માટે વિવિધ પ્રકારની સહાય આપે છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સમાજના ડો. ઠાકોરભાઈ રાણા, વીએસજીના પ્રમુખ અમિતભાઈ રાણા, વિજયભાઈ, સોમાભાઈ રાણા, યોગેશભાઈ, અલ્પેશભાઈ રાણા, સ્મિતાબેન રાણા તેમજ વિદ્યાર્થી સહાયક ગ્રુપના તમામ સભ્યો તેમજ શિક્ષિત ભાઈઓ - બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### વિદ્યાનગરના આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર ખાતે જેન્ડર ઇક્વાલીટી વિષયે તાલીમ યોજાઇ



આણંદ | આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર વિદ્યાનગર ખાતે વડોદરાની સહજ સંસ્થા દ્વારા જેન્ડર ઈક્વાલીટી વિષયે એક દિવસની તાલીમ યોજાઇ હતી. જેમાં આશાદીપના સ્ટાફે ભાગ લીધો હતો. સહજ સંસ્થાના માનુષીબેન તથા સંગીતાબેન દ્વારા સંચાલિત તાલીમના વિવિધ સેશનોમાં પાવર પોઈન્ટ તથા શોર્ટ વિડીયો મારફતે જેન્ડર સમાનતાને લગતા મહત્વના મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી. આ તાલીમમાં સત્તાના પ્રકારોની મુદ્દાસર ચર્ચા દ્વારા જેન્ડર અસમાનતા, સમાનતા અને ન્યાયની ઉંડી સમજ ઉપસ્થિત કાર્યકર્તાઓએ વિકસાવી હતી. તાલીમના સફળ સંચાલન બદલ આશાદીપ તરફથી આ બન્ને તાલીમકારોનો આભાર માનવામાં આવ્યો હતો.

### આંકલાવ તા. પંચાયત ખાતે મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત તાલીમ શિબિર યોજાઈ

આંકલાવ | આંકલાવ તાલુકા પંચાયત ખાતે મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત તાલુકા કક્ષાની તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગતની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં તાલુકાના સરપંચો, તલાટી કમ મંત્રીઓ તેમજ ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યઓને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેજ-૨, પ્રધાનમંત્રી આવાસ યોજના, મિશન મંગલમ યોજના સહીતની યોજનાઓ અંગે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ: આણંદ: F-3, F-4, યોગી આર્કેડ, આઈસીઆઈસીઆઈ બેન્કની ઉપર, નવા બસ સ્ટેન્ડ પાસે, આણંદ, ઇ-મેઇલ: gujmitraanand@gmail.com
નડિયાદ: 305, સિટી સેન્ટર, ત્રીજે માળ, પારસ સર્કલ પાસે, નડિયાદ, ઇ-મેઇલ: gujmitranadiad@gmail.com

# નડિયાદ શહેરમાં ઈ-સિગારેટનું વેચાણ કરતો યુવક ઝડપાયો

**પોલીસે પાન-** પાર્લરમાંથી રૂપિયા 16 હજાર કિંમતની 15 ઈ-સિગારેટ જપ્ત કરી





(પ્રતિનિધિ) નડિયાદ, તા.24
નડિયાદ શહેરના એક પાન-પાર્લરમાં પ્રતિબંધિત ઈ-સિગારેટનું વેચાણ કરતાં શખ્સને એસ.ઓ.જીની ટીમે ઝડપી પાડ્યો હતો. પોલીસે પાન-પાર્લરમાંથી રૂ.16,500 કિંમતની 15 ઈ-સિગારેટ જપ્ત કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભારત દેશમાં ઈ-સિગારેટનું વેચાણ તેમજ સેવન કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમછતાં કેટલાક લોકો ખાનગી રાહે ઈ-સિગારેટનું વેચાણ કરતાં હોય છે. જોકે, આવા પ્રતિબંધિત ઈ-સિગારેટનું વેચાણ કરનારાઓને પકડવા માટે પોલીસતંત્ર પણ કમર કસતું હોય છે.

દરમિયાન નડિયાદ શહેરના વાણીયાવાડ સર્કલ પાસે આવેલ ડંકાવાલા પાન સેન્ટરમાં ઈ-સિગારેટ (વેપ) અને તેમાં ઉપયોગમાં લેવાતું લિક્વીડ નિકોટીનનું વેચાણ કરવામાં આવતું હોવાની બાતમી ખેડા એસ.ઓ.જી પોલીસની ટીમને મળી હતી. જેથી પોલીસની ટીમે સોમવારના રોજ મોડી સાંજના સમયે ડંકાવાલા પાન સેન્ટરમા દરોડો પાડી, દુકાનના માલિક જીતેન્દ્ર અરજણભાઈ વાઘમશી (રહે.વિદ્યુતનગર, કિડની રોડ, નડિયાદ) ની પોલીસે અટકાયત કરી હતી. જે બાદ દુકાનની તલાશી લેતાં દિવાલમાં લગાવાયેલાં એક શોકેસમાંથી રૂ.16,500 કિંમતની કુલ 15 ઈ-સિગારેટ અને તેમાં ભરવા માટેની લિક્વીડ નિકોટીન રીફિલ મળી આવી હતી. પોલીસે આ ઈ-સિગારેટ બાબતે પકડાયેલાં જીતેન્દ્રની પુછપરછ કરતાં, તે વડોદરા શહેરના વાઘોડીયા રોડ પર આવેલ હરીશ પાન પાર્લરમાંથી લાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. જેના આધારે પોલીસે પકડાયેલાં જીતેન્દ્ર અરજણભાઈ વાઘમશી અને તેને ઈ-સિગારેટનો જથ્થો આપનાર વડોદરાના હરીશ પાન પાર્લરના માલિક સામે ધ પ્રોહિબિશન ઓફ ઈલેક્ટ્રોનીક સિગારેટ એક્ટ 2019 ની કલમ 4, 5, 7, 8 મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આણંદની સામરખા ચોકડી પર કરૂણાંતિકા

# કન્ટેનર પાછળ કાર અથડાતાંચાલકનુંમોત

**અમદાવાદથી સુરત** બુટ - ચંપલના સેમ્પલ લઇ જતા હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.24
આણંદ શહેરની સામરખા ચોકડી પર પુરપાટ ઝડપે જતી કાર આગળ જતા કન્ટેનર પાછળ ઘુસી જતાં તેના ચાલકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અંગે શહેર પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

અમદાવાદના વટવા ગામે રહેતા સંદીપ જેસીંગભાઈ પટેલ 20મી જાન્યુઆરી,23ના રોજ વીકેસી કંપનીના કામે બુટ ચંપલના સેમ્પલ લઈ સુરતના ઉધના મુકામે જવા ગાડી લઈ નિકળ્યાં હતાં. આ ગાડીના ડ્રાઈવર તરીકે અમીતકુમાર રામબહાદુર વર્મા (ઉ.વ.24, રહે.અમરાઈવાડી, અમદાવાદ, મુળ રહે. ઉત્તરપ્રદેશ) હતો. તેઓ 20મીની બપોરના ગાડી લઈને નિકળ્યાં હતાં.

દરમિયાન રાત્રિના સુમારે આણંદ શહેરની સામરખા ચોકડી પરથી પસાર થતા સમયે એપીએમસી નજીક અમિતકુમારે પુરઝડપે ગાડી ચલાવતા આગળ જતા કન્ટેઈનર પાછળ ધડાકાભેર ગાડી અથડાઈ હતી. જેના કારણે આગળનો ભાગ સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત બની ગયો હતો. જ્યારે અમિતકુમારે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મૃત્યુ પામ્યો હતો. આ અંગે શહેર પોલીસે અમીતકુમાર વર્મા ગામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

આણંદ નજીક ધોરી માર્ગ પર પુરપાટ ઝડપે દોડતા વાહનો સામે કાર્યવાહી જરૂરી બની છે.

# આણંદ શહેરમાં પોક્સોનો આરોપીભુગર્ભમાંજતોગયો

પેરોલ પર છુટ્યા બાદ જેલ પર હાજર ન થયો

(પ્રતિનિધિ) આણંદ તા.24
આણંદના પાધરિયા વિસ્તારની સુર્યનગર સોસાયટીમાં રહેતો પોક્સોનો આરોપી દસ દિવસ પેરોલ પર છુટ્યા બાદ ભુગર્ભમાં ઉતરી ગયો હતો.

આણંદના પાધરિયામાં સુર્યનગર સોસાયટીમાં રહેતો મનિષ થોમસ પરમારને 12મી એપ્રિલ,2022ના રોજ પોક્સો કેસમાં 20 વર્ષની કેદ તથા રૂ.20 હજારનો દંડ. જો દંડ ન ભરે તો વધુ છ માસની કેદની સજા ફરમાવવામાં આવી હતી. જેને હાઈકોર્ટના હુકમથી 27મી જૂન,22ના રોજ દિવસ દસ માટે પેરોલ રજા મંજુર કરવામાં આવી હતી. જેથી 17મી ડિસેમ્બર,22ના રોજ જેલે પેરોલ રજા પર છોડ્યો હતો. જોકે, બાદમાં તે હાજર થયો નહતો અને ફરાર થઇ ગયો હતો. આ અંગે જેલર બી.આર. પરમારની ફરિયાદ આધારે શહેર પોલીસે મનિષ થોમસ પરમાર સામે ગુનો નોંધ્યો છે.

### હત્યારો કેદી પેરોલ જમ્પ કરી ફરાર થયો

નડિયાદ પંથકમાં સન 2007 માં હત્યાનો ગુનો આચરનાર પરબતસિંહ શીવનાથસિંહ તોમર (રહે.પોરસા, જિ.મુરેના, મધ્યપ્રદેશ) ને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. જે અંતર્ગત પરબતસિંહ સુરત ખાતે આવેલ લાજપોર મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો. દરમિયાન ગત તા.29-12-22 ના રોજ પરબતસિંહ સાત દિવસની પેરોલ રજા પર મુક્ત થયો હતો. પરંતુ તે ફરાર થઇ ગયો હતો. નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો છે.

### ઉત્તરસંડામાં જુગાર રમતાં 9 શખ્સો ઝડપાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24
નડિયાદ તાલુકાના ઉત્તરસંડામાં સંગાથ પાર્ટી પ્લોટની પાછળ આવેલ ચલુણીયા તળાવ નજીકના ખાડામાં કેટલાક ઈસમો ભેગા થઈને જુગાર રમતાં હોવાની બાતમી ચકલાસી પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે સોમવારના રોજ મોડી સાંજના સમયે બાતમી મુજબની જગ્યાએ દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે સ્થળ પરથી પત્તાપાનાનો જુગાર રમતાં તુષાર અશોકભાઈ પટેલ, અરવિંદ ચંદુભાઈ પરમાર, ગીરીશ કનુભાઈ ભોઈ, જશભાઈ છોટાભાઈ વાઘેલા, પ્રવિણ ઉર્ફે ગગુ અજીતભાઈ બારૈયા, જગદીશ ઉર્ફે ગગજી વશરામભાઈ ભરવાડ, હસમુખ ગોકળભાઈ પરમાર, મેમાભાઈ લાલજીભાઈ રબારી અને વિજય ઉદેસિંગભાઈ બારૈયાને કુલ રૂ.32,500 ની મત્તા સાથે રંગેહાથે ઝડપી પાડ્યાં હતાં.

### અવિચલદાસજી મહારાજને જગદગુરુની પદવીથી વિભૂષિત કરાયાં



આણંદના સારસા ખાતે જ્ઞાન સંપ્રદાયના સપ્તમ કુવેરાચાર્ય અવિચાલદાસજી મહારાજની પ્રેરણાથી ચતુર્થ દિવસીય પરમગુરુ સાર્ધદ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે મંગળવારે વિરાટ ધર્મ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધારેલા અખિલ ભારતીય સંત સમિતિના પદાધિકારીઓ અને વિવિધ પરંપરાઓના આચાર્યો, મહામંડલેશ્વરો, મહંતો અને જગદ્ગુરૂશંકરાચાર્ય, જગદ્ગુરૂ રામાનંદાચાર્ય દ્વારા આચાર્ય અવિચલદાસજી મહારાજના જીવનકાર્યો, સામાજિક, શૈક્ષણિક અને હિન્દુ ધર્મજગતમાં અભૂતપૂર્વ રાષ્ટ્રીય યોગદાન બદલ જગદગુરુની પદવીથી વિભૂષિત કરવામાં આવ્યાં હતાં. હવેથી આચાર્યને અનંત વિભૂષિત શ્રીમદ જગદગુરુ કુવેરાચાર્ય અવિચલદેવાચાર્ય મહારાજ તરીકે સંબોધવામાં આવશે. આ બાબતની ઘોષણા અખિલ ભારતીય સંત સમિતિના અખાડા પરિષદના પરમ અધ્યક્ષ પરમ પૂજ્ય મહંત રવીન્દ્રપુરીજી મહારાજ દ્વારા કરવામાં આવી હતી. જેને તમામ સંતો દ્વારા સહર્ષ વધાવી લેવામાં આવી હતી.

# બાળ લગ્નમાં બેન્ડ વાજા અને ડીજેવાળાની પણ ધરપકડ થશે

**મહિસાગર જિલ્લા** સમાજ સુરક્ષા અધિકારીએ બાળ લગ્ન અટકાવવા કવાયત હાથ ધરી

(પ્રતિનિધિ) મલેકપુર તા.24
મહિસાગર જિલ્લામાં હાલ લગ્ન સીઝન પુર બહારમાં છે. તેમાં ક્યાંક ક્યાંક બાળલગ્ન પણ થતાં હોવાની ફરિયાદ ઉઠી છે. જેના પગલે સમાજ સુરક્ષા અધિકારીએ તાત્કાલિક આવા બાળલગ્ન અટકાવવા માટે કવાયત હાથ ધરી છે. જે સંદર્ભે તેમણે યાદીમાં તાકીદ કરી હતી કે બાળ લગ્નમાં ફક્ત બાળકોના માતા - પિતા જ નહીં, ત્યાં હાજર મહારાજ ઉપરાંત ડેજી કે બેન્ડબાજા વાળાની પણ ધરપકડ કરવામાં આવશે.

મહિસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાળલગ્ન અટકાવવા અને તેનાથી થતી દુરોગામી અસરો જેમ કે બાળકોનું શારિરિક, માનસિક અને ભાવનાત્મક, શૈક્ષણિક વિકાસ પર ગંભીર અસરો અટકાવવા માટે ખાસ નજર રાખવામાં આવશે. બાળલગ્ન પ્રતિબંધક ધારો-2006 સમગ્ર રાજ્યમાં અમલમાં છે. જે અન્વયે જો પુરુષ હોય તો જેણે 21 વર્ષની ઉંમર પૂરી કરી નથી અને જો સ્ત્રી હોય તો જેણે 18 વર્ષની પુરી કરી નથી. તેવા બે પક્ષ પૈકી કોઇ પણ પક્ષે નિર્ધારિત ઉંમર પુરી કરેલી ના હોય તેવા યુગલો વચ્ચે લગ્ન થતા હોય



તો તેને બાળલગ્ન કહેવામાં આવે છે. આ બાળ લગ્ન કરાવનાર તમામને જણાવવાનું કે, જો બાળલગ્ન કરવામાં આવે તો લગ્ન કરનાર પુરુષ 18 વર્ષની વયથી ઉપર હોય તો તે, લગ્ન કરનાર પુરુષ અને દિકરી એમ બન્નેના માતા-પિતા, લગ્નનું સંચાલન કરાવનારા, સુચના આપનારા, મદદરૂપ થનારા, સમુહ લગ્નના આયોજકો, હાજરી આપનારા, લગ્ન કરાવનારા ગોર મહારાજ કે અન્ય ધાર્મિક આગેવાનો, બેંડ વાજા અને ડીજેના માલીકો, ફરાસખાના મંડપ સર્વિસ પુરી પાડનારા, રસોઈયા, ફોટોગ્રાફર વગેરેની સામે આ કાયદાની જોગવાઇ હેઠળ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જ્યારે પણ લગ્નનું આયોજન કરવામાં આવે ત્યારે દિકરા દિકરીની ઉંમર ચકાસવી ખુબ જરૂરી છે. જો તેમ કરવામાં ન આવે અને લગ્નનું આયોજન થયા બાદ બાળ લગ્ન અટકાવવામાં આવે છે. જેતે પરિવારે સમાજમાં શરમજનક પરિસ્થિતીમાં મુકાવવું પડે છે અને કુટુંબની પ્રતિષ્ઠા ઉપર વિપરીત અસર પડે છે. તદઉપરાંત તમામ ખર્ચ પણ માથે પડે છે. બાળ લગ્ન કરવામાં આવે તો બે વર્ષની સખત કેદની સજા અને રૂપિયા એક લાખના દંડની સજા થવા પાત્ર છે.

મહિસાગર જિલ્લામાં કોઈપણ જગ્યાએ બાળ લગ્ન કરાવવાના આયોજન વિશે માહિતી હોય તો તાત્કાલિક બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રૂમ નં. ૨, ભોય તળીયે, બ્લોક નંબર-૨, જિલ્લા સેવા સદન, મહીસાગર લુણાવાડા અથવા E-mail dsdo-mahi@gujarat.gov.in પર, જિલ્લા બાળ સુરક્ષા એકમ, મહીસાગર, 181 અભયમ મહિલા હેલ્પ લાઈન, 1098 ચાઈલ્ડ હેલ્પ લાઈન, 100 પોલીસ કંટ્રોલ રૂમ, પર સંપર્ક કરવો. બાળ લગ્ન અટકાવવા અંગેની માહિતી આપનારની ઓળખ સંપુર્ણપણે ગુપ્ત રાખવામા આવશે.